॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# પંચાયતી રાજમાં સ્ત્રીઓની ભાગીદારી અને તેની અસરો

**Women Participate in Panchayati Raj and its Impact**

**વિજયકુમાર પી. પરમાર**

- **પ્રસ્તાવના :-**

અહીં આપણે જયારે પંચાયતી રાજની વાત કરી રહ્યા છીએ ત્યારે પંચાયતી રાજ એ એક વ્યાપક શબ્દ છે. પંચાયતી રાજમાં પંચાયત શબ્દ સમાયેલો છે. પંચાયતના મૂળ તત્વો જેવા કે લોકશાહી, નિર્ણય પ્રક્રિયામાં તમામ લોકોની ભાગીદારી, સ્વશાસન, સત્તાનું વિકેન્દ્રીકરણ વગેરે વિશેની માહીતી આપણને પ્રાચીન ધર્મગ્રંથો જેવા કે મહાભારત, રામાયણ, મનુસ્મૃતી વગેરેમાંથી મળી આવે છે. પ્રાચીન સમયથીજ ભારતમાં પંચાયતી વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. 'પંચ ત્યાં પરમેશ્વર' એ ભારતની સંસ્કૃતિ રહી છે. પ્રાચીન સમયથી જ ભારતનું ગામડું સ્વાવલંબી હતુ તેનો વહીવટપણ સ્વાયત્ત રીતે થતો હતો. જયારે ગામડામાં કોઇ બાબતે નિર્ણય લેવાનો થાય ત્યારે પાંચ આગેવાન ભેગા મળી નિર્ણય કરતા જે પંચનિર્ણય કહેવાતો અને તે સૌને શિરોધાર્ય રહેતો. વર્તમાન સમયમાં ગામડામાં પંચાયતી રાજ અસ્તિત્વમાં છે જેમાં પ્રત્યેક વ્યકિત કે જેની ઉમર ૧૮ વર્ષથી વધુ છે તે પંચાયતની ચૂંટણીમાં પોતાનો મત આપી રાજકીય ભાગીદારી કરે છે અને

ચૂટાયેલા સભ્યોમાંથી પંચાયતની વહીવટી કારોબારી રચાય છે જેના દ્વારા ગ્રામ્ય સ્તરે વહીવટ થાય છે.

આધુનિક ભારતમાં પંચાયતી રાજની જે સંસ્થાઓ છે, તે ત્રણ સ્તરે વહેંચાયેલી છે. તેમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ ભારતીય રાજવ્યવસ્થામાં લોકશાહી વિકેન્દ્રિકરણનો આધાર સ્તંભ છે.

ભારતમાં પંચાયતી રાજનું અસ્તિત્વ બળવંતરાય મહેતા સમિતિની ભલામણોથી આવ્યું. પંચાયતી રાજનો સૌ પ્રથમ સ્વીકાર રાજસ્થાને કર્યો હતો. ગુજરાતે ૧ એપ્રિલ ૧૯૬૩ થી પંચાયતી રાજ સ્વીકાર્યું. પૂજય મહાત્મા ગાંધી કહેતા કે, 'સાચુ ભારત ગામડાઓમાં વસે છે.' તેમણે કહેલુ કે 'ભારતના સાત લાખ ગામડાઓની સ્વતંત્રતા વગર ભારતની આઝાદી અધુરી છે', 'આઝાદી નીચેથી શરૂ થવી જોઇએ'. તેઓ સ્થાનિક સ્વરાજયના હિમાયતી હતા. તેમની ઇચ્છા હતી કે ભારતના ગામડાનો નિરક્ષર વ્યકિત પણ રાજકીય ભાગીદારી કરે અને પોતાની અભિવ્યકિત કરતાં શીખે.

પંચાયતી રાજનો મુખ્ય ઉદ્દેશ ગામડાના લોકોને મુખ્ય વિકાસધારામાં જોડવા પુરતો જ નથી, પરંતુ સમાજમાં જેમનું સ્થાન સદીઓથી ગૌણ રહ્યું છે અને માત્ર ઘરની ચાર દિવાલોમાં જ રહ્યું છે, તેવી મહિલાઓ કે જેમની પંચાયતી

રાજમાં મહિલા અનામત આવ્યા બાદ શું સ્થિતિ છે ? તેમની સમસ્યાઓ કઇ છે ? અને તેમની કામગીરી કેવી છે ? તેની વાત પણ અહીં કરવાની છે.

- **સ્ત્રી સશકિતકરણ અને પંચાયતી રાજ :-**

- સ્ત્રી સશકિતકરણ અંતર્ગત સામાન્ય રીતે નીચે મુજબના ચાર તત્વોનો સમાવેશ થાય છે.

  ૧. કેન્દ્ર અને રાજયની ધારાસભામાં સ્ત્રીઓની ભાગીદારી

  ૨. કેન્દ્ર અને રાજયની કારોબારીમાં સ્ત્રીઓની ભાગીદારી

  ૩. દેશના અર્થતંત્રના પાયારૂપ પ્રાથમિક, દ્વિતિયક અને સેવા ક્ષેત્રમાં સ્ત્રીઓની ભાગીદારી

  ૪. કેન્દ્ર અને રાજયમાં સ્ત્રીઓની માથાદીઠ આવક

સ્ત્રી સશકિતકરણમાં પંચાયતી રાજનું ખૂબ જ મહત્વનું પ્રદાન રહ્યું છે. આજે ગ્રામપંચાયતથી લઇને સંસદ સુધી સ્ત્રીઓની ભાગીદારી દિવસે દિવસે વધતી જાય છે. હવે સ્થિતિ એ છે કે પંચાયતમાં ભાગીદારી હોવાની સાથે સાથે તેમની આત્મનિર્ભરતા પણ વધી છે. સ્ત્રીઓમાં જાગૃતિ આવી છે. સ્ત્રીઓ એ ઘરનું ચાલક બળ છે. તેમણે ઘરની આર્થિક સ્થિતિ સુધારવા નાની નાની બચત મંડળીઓ પણ શરૂ કરી છે અને કુટીર ઉદ્યોગો પણ સ્થાપવા લાગી છે અને આર્થિક વિકાસમાં પણ તેઓ ભાગીદારી કરી રહી છે, તે કહેવું જરાય અતિશયોકિત પૂર્ણ નથી .

આજે આપણે જે સ્ત્રી સશકિતકરણની વાત કરીએ છીએ તેના વિકાસમાં પંચાયતી રાજનો ખૂબ જ ફાળો રહ્યો છે. પંચાયત થકી જ સ્ત્રીઓની રાજકીય ભાગીદારી અને સ્ત્રી સશકિતકરણના અભિયાનને ટેકો મળ્યો છે. જયારે પંચાયતોમાં તેમની ભાગીદારી વધી ત્યારે તે દરેક દિશામાં આગળ નિકળી છે.

- **પંચાયતી રાજમાં સ્ત્રીઓની ભાગીદારી :-**

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના મત મુજબ પંચાયતી રાજમાં સ્ત્રીઓની ભાગીદારી વધી રહી છે. વર્ષ ૨૦૦૧ માં આખા દેશમાં ૭૭૨૬૭૭ સ્ત્રી સરપંચો હતી. ૨૦૧૮-૨૦૧૯ માં તેની સંખ્યા ૧૩૭૫૯૧૪ થઇ ગઇ અને ક્રમશઃ વધતી જ રહી છે. હવે તો અનામત બેઠકો કરતાં સામાન્ય બેઠકો પણ સ્ત્રીઓ જીતી રહી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્ત્રીઓની સંખ્યા ધીરેધીરે વધી રહી છે.

રાજયવાર આપણે જોઇએ તો વર્તમાનમાં કેરલમાં ૫૨.૪૨% સ્ત્રી પ્રતિનિધિઓ એ જ રીતે આંધ્રપ્રદેશમાં ૫૦.૦૦%, ગુજરાતમાં ૪૯.૯૯%, કર્ણાટકમાં ૪૮.૪૮%, તામિલનાડુમાં ૩૩.૯૯%, ઉત્તરાખંડમાં ૫૫.૬૬%, પશ્ચિમ બંગાળમાં ૫૦.૭૭% સ્ત્રીઓની ભાગીદારી રહી છે. દિવસે દિવસે તેમાં વધારો થઇ રહ્યો છે.

સંવિધાન સંશોધનમાં જોઇએ તો પંચાયતોમાં સ્ત્રીઓની ભાગીદારી તો વધી છે, પણ તેમની સામે ઘણી સમસ્યાઓ છે.

➢ **પંચાયતી રાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ :-**

૧. સ્ત્રીઓની મુખ્ય સમસ્યા તેમનામાં રહેલી નિરક્ષરતા છે. જે સ્ત્રીઓ શિક્ષિત છે તે સ્ત્રીઓ તો પોતાની જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી રહી છે. સરકાર તરફથી તેમને સહયોગ પણ મળી રહ્યો છે.

૨. સ્ત્રીઓની બીજી સમસ્યા એ છે કે ઘણી સ્ત્રીઓ શિક્ષિત છે. પરંતુ વાસ્તવમાં તેઓ સત્તામાં હોવા છતાં શાસનમાં કંઇ ભાગીદારી કરી શકતી નથી. હજુ પણ ગામડાઓમાં તેમના નામે તેમના પતિ જ બધા વ્યવહારો કરતા હોય છે. સ્ત્રીઓને માત્ર રબર સ્ટેમ્પની જેમ જ રહેવું પડે છે. તમામ નીતિ વિષયક નિર્ણયો ઘરના પુરુષ સભ્યો જ લેતા હોય છે.

3. ઘણા સમાજોમાં આજે પણ પડદા પ્રથા, રૂઢિવાદી પ્રણાલીકાઓ છે. જેને કારણે સ્ત્રીઓ પુરુષ પ્રધાન સમાજમાં આવતા સંકોચ અનુભવે છે.

➢ **ઉકેલ :-**

- જે જગ્યાએ સ્ત્રીઓ નિરક્ષર છે ત્યાં સ્ત્રીઓને શિક્ષણ આપવાની જરૂર છે, કારણ કે માત્ર અનામત બેઠકો ફાળવી દેવાથી કંઇ સ્ત્રીઓ વિકાસમાં ભાગીદાર નહીં બની જાય અને સ્ત્રીસશકિતકરણ નહી થાય માટે જે સ્ત્રીઓ હોદ્દા પર છે અને અશિક્ષિત છે તેમના માટે તાલીમ વર્ગો શરૂ કરવા જોઇએ.
- તાલુકા અને જિલ્લા કક્ષાએ જે યોજનાઓ ગ્રામ્ય વિકાસ માટેની છે તેની જાણકારી મહિલા પ્રતિનિધિઓને આપવી જોઇએ.

- પુરુષોએ પણ પોતાનો દ્રષ્ટિકોણ બદલવો જોઇએ. હવે સમય બદલાયો છે. સ્ત્રીઓ જમીનથી આકાશ પર પહોંચી છે. માટે સ્ત્રીઓને રબર સ્ટેમ્પ ન બનાવતાં સ્થાનિક સ્વરાજમાં પોતાની જાતે નિર્ણય લેતી થાય તેવી પરિસ્થિતિ ઉભી કરવી જોઇએ.

➢ **પંચાયતી રાજમાં સ્ત્રી ભાગીદારીની સમાજ પર અસરો :-**

- પંચાયતી રાજમાં સ્ત્રીઓની ભાગીદારી વધતા પુરુષોનો સ્ત્રી પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાયો છે.
- સમાજમાં સ્ત્રીઓને પંચાયતી રાજના કારણે મોભાદાર સ્થાન મળ્યું છે.
- પંચાયતી રાજમાં ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોમાં સ્ત્રીઓની કામગીરી પુરુષો કરતાં પણ સારી રહી હોય તેવું અનેક દાખલોઓમાં જોવા મળે છે.

દા.ત. અજમેર જિલ્લાના દેવાતા ગામની મહિલા શોભાદેવીએ પંચાયતની કામગીરી સારી રીતે નીભાવી છે. તેમણે ગામમાં જળ સંરક્ષણ, સ્ત્રી શિક્ષણ ક્ષેત્રે સારું કામ કર્યું છે.

- હરિયાણાના યમુનાનગર જિલ્લામાં ચુલ્હડપુરની સરપંચ સુષમા ચૌધરી ૨૦૧૦ માં સરપંચ બની, તેણે હરિયાણામાં સ્ત્રી-પુરુષમાં રહેલા લિંગભેદને દુર કરવાનો પ્રયત્ન કર્યો, જયારે તે સરપંચ બની ત્યારે ગામનું લિંગ

પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૭૪૫ હતું. જે સુષમા ચૌધરીના પ્રયત્નોથી આજે ૧૦૦૦ છોકરા પર ૧૦૧૮ છે. જે ઉત્તમ ઉદાહરણ કહી શકાય.

- હરિયાણાના ફતેહાબાદ જિલ્લામાં ઢાળી મીયાંખાં ગામની સરપંચ સુષમા ભાદુએ ગામની પડદાપ્રથા વિરૂધ્ધ બીડુ ઝડપ્યું હતું. આજે ગામમાંથી ધૂંઘટપ્રથા અને પડદાપ્રથા દૂર થઇ ગઇ છે. સુષમા ભાદુ માત્ર સાતમું પાસ છે. તેમના પર ડોકયુમેન્ટ્રી પણ બની છે.
- બુદેલખંડના કોલ આદિવાસી અને બંધુઆ મજૂરના ઘરે જન્મેલી સંજોએ ૨૦૦૫ માં સરપંચમાં ઉમેદવારી કરી સ્થાનિક જમીનદારો અને ડાકુઓના વિરોધ વચ્ચે ચૂંટણી જીતી અને તેમણે ગામમાં ઘણા ચેકડેમ બનાવ્યા. ભૂમિહિન ખેડૂતોને જમીન અને ઘર અપાવ્યા, વૃદ્ધો અને અસહાય લોકોને પેન્શન અપાવ્યા.

➢ **ફલિતાર્થો** :-

- આમ પ્રસ્તુત ઉદાહરણો પરથી જણાય છે કે પુરુષ પ્રધાન સમાજે પોતાનો દ્રષ્ટિકોણ બદલવો પડશે.
- સ્ત્રીઓને જો તક આપવામાં આવે તો તેઓ સારામાં સારૂં કાર્ય કરી શકવા સક્ષમ છે.
- સ્ત્રી એ એક શકિત છે. તે ઘર ચલાવી જાણે છે, તો ગામ પણ ચલાવી જાણે છે.

- આજે ૨૧મી સદીમાં જે ક્ષેત્રોમાં પુરુષોની ઇજારાશાહી હતી તે ક્ષેત્રોને પણ સ્ત્રીઓએ લલકાર્યો છે અને તેમાં કામ કર્યું છે.
- આજે એવાં બહુ ઓછા ક્ષેત્રો હશે જેમાં સ્ત્રીઓ નહીં હોય.
- જયાં સ્ત્રી પ્રતિનિધિઓ હોય ત્યાં પુરુષોએ તેમને માત્ર રબર સ્ટેમ્પ જ નથી રહેવા દેવાની પણ મહિલાઓએ જે કાર્યો કરવાના હોય તેમને કરવાની છૂટ આપવી જોઇએ.
- સ્ત્રીઓએ પણ શરમ સંકોચ છોડીને પોતાના કાર્યો કરવાના છે. તેમને જે તક મળી છે તેનો ભરપુર ઉપયોગ કરીને સમાજને પ્રેરણા પૂરી પાડવાની છે.

➢ ઉપસંહાર :-

આમ, પ્રસ્તુત વિષયમાં પંચાયતોમાં સ્ત્રીઓની ભાગીદારી કેવી રહી તેમજ સ્ત્રી સશકિતકરણમાં સ્ત્રીઓની શું સ્થિતિ છે તેની વાત કરવામાં આવી છે. સ્ત્રી સશકિતકરણમાં પંચાયતી રાજની સંસ્થાઓની મુખ્ય ભુમિકા રહી છે. પંચાયતી રાજયના અસ્તિત્વને કારણે અને તેમાં પણ સ્ત્રીઓની અનામત બેઠકોને કારણે સ્ત્રીઓ ઘરની ચાર દિવાલોમાંથી બહાર આવી છે અને શાસનમાં ભાગીદાર બની છે અને તેમની ભાગીદારીની અસરો સમાજ પર હકારાત્મક રહી છે. સમાજને એક સારું નેતૃત્વ મળ્યું છે. સમાજની અન્ય સ્ત્રીઓ પણ જાગૃત બની છે અને પંચાયતી રાજમાં ભાગીદારી કરવા ઉત્સુક બની છે. સમાજમાં અડધો હિસ્સો સ્ત્રીઓનો રહ્યો છે. જેનો વિકાસ થવો જરૂરી છે અને આપણે ત્યાં કહેવત છે કે દિકરી બે ઘર તારે,

એક પોતાના પિતાનું અને બીજું તેના પતિનું. હવે આજની દિકરી એક ગામને, તાલુકાને, જિલ્લાને તારવા સક્ષમ બની છે, તો તેને શકય તેટલી વધુ તક આપવાનો સમાજે અને રાષ્ટ્રે પ્રયત્ન કરવો જોઇએ.

➢ સંદર્ભસૂચિ :-


૧. કુરૂક્ષેત્ર - ગ્રામીણ વિકાસને સમર્પિત,- ડાં.કે.એસ.રાવ, મિનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ, ડિસેમ્બર-૨૦૦૪

૨. કુરૂક્ષેત્ર - ગ્રામીણ વિકાસને સમર્પિત, ડાં. શાહીન રાજી, મિનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ, નવેમ્બર-૧૫

૩. પંચાયત ધારો –બિપીનચંદ્ર વૈષ્ણવ, નવસર્જન પ્બલીકેશન, અમદાવાદ

૪. ૭૩માં બંધારણીય સુધારા પશ્ચાદ ભારતમાં પંચાયતી રાજ- રમેશ મ.શાહ અને ડાં. બલદેવ આગજા, યુનીવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬

૫. પંચાયત અને ગામ સમાજ પુનઃ જાગરણની રાહ – ચન્દ્રશેખર પ્રાણ, સંરચના પ્રકાશન મંદિર, તુલારામ બાગ, ઇલાહાબાદ



**વિજયકુમાર પી. પરમાર**

**સંશોધક રાજયશાસ્ત્ર વિભાગ,**

**બી.એ.ઓ.યુ., અમદાવાદ**